અમદાવાદ (ગ્રામ્ય)ના મે. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**<u>ફોજદારી કેસ નં.6030/2023</u>**
**<u>આંક–07</u>**

**<u>ફરીયાદીઃ</u>** શ્રી સરકાર

વિરૂદ્ધ

**<u>આરોપીઃ</u>** અજરૂદ્દીન ઝહીરૂદ્દીન મોમીન

ગુનોઃ– પ્રોહીબીશન એક્ટની કલમ 66(1)B તથા G.P.A.110, 117 મુજબ

**–: ચુ કા દો :–**

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે મુંબઈ નશાબંધી ધારાની કલમ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીએ આંક–૦૪ થી ગુના કબુલાત પુરસીસ આપેલ છે. આ કામે આરોપી ઉપર તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીની આંક–૦૬ થી પ્લી લેતાં ગુના કબુલાતની પુરસીસને વળગી રહે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે. અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આમ આરોપીના ઉપરોક્ત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુ ક મ</u>**

આરોપીને પ્રોહીબીશન એક્ટની કલમ 66(1)B તથા G.P.A. 110, 117 ના ગુના સબબ આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂા. ૧૦૦/– અંકે રૂપિયા એક સો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૩ મી માહે મે, સને ૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તા. 13/05/2023
અમદાવાદ

(રઘુવિરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા)
UIC CODE NO. GJ00938
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)